# યુદ્ધવિરામનો ભંગ ચાલશે નહિ : બ્રાઉન

નવી દિલ્હી, તા.૧૨

સરહદ ઉપર ભારે તંગદિલી પૂર્ણ સ્થિતિ પ્રવર્તી રહી છે. બંને દેશો સરહદ ઉપર પોત પોતાની રીતે મોટી સંખ્યામાં જવાનોની તૈનાતી પણ કરી દીધી છે. આવા સમયમાં આજે ભારતીય હવાઈદળના વડા એનએકે બ્રાઉને ચેતવણી આપી હતી કે જો યુદ્ધવિરામના ભંગનો સિલસિલો પાકિસ્તાન દ્વારા જારી રાખવામાં આવશે તો ભારતને અન્ય વિકલ્પો પર પણ વિચારણા કરવાની ફરજ પડશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આ પ્રકારના યુદ્ધવિરામનો ભંગ વારંવાર થાય તેને ચલાવી લેવામાં આવશે નહીં. બ્રાઉને સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે સેના સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. પાકિસ્તાન અંકુશરેખા અથવા તો એલઓસી પર આ વર્ષે જાન્યુઆરીમાં હજુ સુધી સાત વખત યુદ્ધવિરામ કર્યો છે. આનો મતલબ એ થયો કે નવા વર્ષમાં પાકિસ્તાને મોટાભાગે દરરોજ ગોળીબાર કર્યો છે.એનસીસીના કાર્યક્રમમાં ભાગ લીધા બાદ ભારતીય હવાઈદળના વડાએ કહ્યુ હતુ કે અમારી અંકુશરેખા છે અમે યુદ્ધવિરામનની સમજૂતિ પણ ધરાવીએ છીએ. ચોક્કસ શરતો પણ છે. એક એવી વ્યવસ્થા પણ છે જેમાં બંને દેશોએ સંયમ જાળવવાની જરૂર છે પરંતુ છેલ્લા થોડાક મહિનાઓમાં જે કાંઈ પણ થયુ છે તે બિલકુલ સ્વીકાર્ય નથી. અમે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. જો આવી



જ બાબતો યથાવતરીતે આગળ વધશે તો અન્ય વિકલ્પો પર પણ વિચારણા કરવામાં આવશે. દેશમાં સૌથી વરિષ્ઠ સશસ્ત્ર ફોર્સના વડાએ કહ્યુ હતુ કે પાકિસ્તાની સૈના દ્વારા બે ભારતીય જવાનોની ઘાતકી હત્યાના મામલે રાજકીય લીડરશિપનું ઉદાસિન વલણ છે. સરકાર દ્વારા કયા વિકલ્પો પર વિચારણા થઈ રહી છે તે અંગે માહિતી આપવાનો ઈન્કાર કરતા તેમણે કહ્યુ હતુ કે વિકલ્પ વિકલ્પ છે. અમે વિકલ્પો અંગે જાહેરમાં વાત કરવા માંગતા નથી. જો યુદ્ધવિરામનો ભંગ થશે તો સમગ્ર મામલા પર ફરી વિચારણા થશે. પાકિસ્તાની સૈનિકો દ્વારા બે જવાનોની હત્યા જેવા બનાવોને લઈને લશ્કરી લિડરશિપ શું માને છે તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યુ હતુ કે જ્યારે કોઈ વ્યક્તિ સશસ્ત્રદળમાં સામેલ થાય છે ત્યારે ચોક્કસ શરતો હોય છે.બ્રાઉને એમ પણ કહ્યુ હતુ કે યુદ્ધવિરામનના ભંગને ચલાવી લેવાશે નહીં. મોડેથી સેનામાં સામેલ થવા ઈચ્છુક એનસીસીના કેડરોને તેમનો સંદેશ શું છે તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યુ હતુ કે ચોક્કસ નીતિનિયમો અતિ જરૂરી છે. અગાઉ સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ ખાતરીપૂર્વક કહ્યુ હતુ કે અંકુશરેખા પર મોટી સંખ્યામાં જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. અત્રે નોંધનીય છે કે અંકુશરેખાની નજીક પાકિસ્તાને ગુરુવારે મોડી રાત્રે જમ્મુ કાશ્મીરના પૂંચ સેક્ટરની ભારતીય ચોકી પર હુમલો કરી દીધો હતો અને ગોળીબાર પણ કર્યો હતો. આ ઘટના બાદ ભારત અને પાકિસ્તાનની અંકુશરેખા પર વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. આ જ જગ્યા પર પાકિસ્તાની સેનાએ મંગળવારે બે ભારતીય સૈનિકોની ઘાતકી હત્યા કરી નાંખી હતી. બીજી બાજુ ભારતે યુદ્ધવિરામના સતત ભંગ અંગે કઠોર વલણ અપનાવી પાકિસ્તાનની સાથે ફ્લેગ મિટિંગ યોજવા અંગે વિચારણા કરી હતી. કેન્દ્ર સરકારે પણ સંયુક્ત રાષ્ટ્ર મારફતે આમા તપાસની માંગણી ફગાવી દીધી હતી.

## સ્થાનિક વિમાની ભાડામાં ૫૦ ટકા સુધીનો ઘટાડો

નવી દિલ્હી, તા.૧૨

વિમાની પ્રવાસ કરવા ઈચ્છુક લોકોને મોટી રાહત થઈ ગઈ છે કારણ કે હાલમાં ગળાકાપ સ્પર્ધા વચ્ચે રહેલી એરલાઈનોને મોટાભાગના સ્થળો માટે સ્થાનિક વિમાની ભાડામાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કરી દીધો છે. સ્થાનિક વિમાની ભાડામાં ૫૦ ટકાનો ઘટાડો કરી દેવાતા ટિકિટ ખરીદી માટે પડાપડી શરૂ થઈ ગઈ છે. અનઅપેક્ષિત ઘટાડાના પરિણામ સ્વરૂપે ઓન લાઈન ટ્રાવેલ્સ પોર્ટલ પર ધસારો જોવા મળી રહ્યો છે. એરલાઈનના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે ફેબ્રુઆરી અને એપ્રિલ વચ્ચેના ગાળામાં દરેક ફલાઈટમાં રાહત મળી શકે છે. મુંબઈથી દિલ્હી માટે રાઉન્ડ અપ ટ્રીપ ભાડા સામાન્યરીતે ૭૦૦૦થી ૯૦૦૦ વચ્ચે રહે છે જે હવે પહેલી ફેબ્રુઆરીથી ૩૦મી એપ્રિલ વચ્ચેના ગાળામાં ૪૦૦૦ રૂપિયાની આસપાસ રહેશે. આનો મતલબ એ થયો કે મોટાભાગના સ્થળો માટેના સ્થાનિક ભાડામાં ૨૧૦૦ રૂપિયા સુધીનો ઘટાડો થયો છે. અન્ય લોકપ્રિય સેક્ટરો માટે પણ ટિકિટ ભાડુ આવા જ રેટ ઉપર ઉપલબ્ધ થશે. પ્રવાસ નિષ્ણાંતોનું કહેવું છે કે દિનપ્રતિદિન વિમાની કંપનીઓ વચ્ચે ભાડામાં પણ સ્પર્ધા ચાલી રહી છે. ટિકિટની કિંમતોમાં ઘટાડો થવા માટે અન્ય પરિબળો પણ જવાબદાર છે. ગઈકાલે લોકોસ્ટ કેરિયર સ્પાઈસ જેટે પહેલી ફેબ્રુઆરીથી ૩૦મી એપ્રિલ સુધી તેના તમામ નેટવર્ક માટે સ્થાનિક ભાડા ૨૦૧૩ સુધી રાખવાની જાહેરાત કરી હતી. આ ખાસ ભાડાની જાહેરાત કર્યા બાદ રિટર્ન ટ્રીપની બોલબાલ પણ વધી ગઈ છે. આ ગાળા દરમિયાન રિટર્ન ટ્રીપ ભાડા ૪૦૨૬ની આસપાસ રહેશે. આ ખાસ ભાડા હેઠળ એરલાઈન ૧૦ લાખ સીટોનું વેચાણ કરે તેવી શક્યતા છે જે પૈકી પ્રથમ દિવસે જ ૧.૫ લાખ સીટ વેચાઈ ગઈ હતી. ટૂંક સમયમાં જ અન્ય બજેટ કેરિયર ઈન્ડિગો દ્વારા પણ આવી જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. લો કોસ્ટ વચ્ચે તીવ્ર સ્પર્ધા શરૂ થઈ ચુકી છે. અન્ય લોકોસ્ટ એરલાઈનમાં મુંબઈ-દિલ્હી રિટર્ન ટ્રીપના ભાડા ફેબ્રુઆરી-એપ્રિલમાં ૪૨૦૦-૪૫૦૦ હોવાની શક્યતા છે. મુંબઈથી ગોવા ટ્રીપનું ભાડુ ૫૦૦૦-૬૦૦૦ રાખવામાં આવ્યું છે. જ્યારે મુંબઈ-જયપુર ટિકિટ ભાડુ ૫૦૦૦-૬૦૦૦માં ઉપલબ્ધ છે.

**કુંભ મેળો ૧૦મી માર્ચ સુધી અટલે કે ૫૫ દિવસ ચાલશે**

## સોમવારથી મહાકુંભ મેળાની શરૂઆત

અલ્હાબાદ,તા. ૧૨

દર ૧૨ વર્ષમાં એક વખત યોજાતા મહા કુંભ મેળાની તમામ તૈયારીઓ પૂરી કરી લેવામાં આવી છે. આગામી સપ્તાહમાં એટલે કે સોમવારથી મહાકુંભ મેળાની શરૂઆત થઈ રહી છે. ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ સ્થાન અલ્બાહાદ ખાતે મહાકુંભ મેળાની તૈયારી કરી લેવામાં આવી છે. કુંભ મેળા વેળા પવિત્ર સ્નાન કરવા માટે ૧૦૦ મિલિયનથી વધારે શ્રદ્ધાંળુઓ પહોંચનાર છે. કુંભ મેળો સોમવારે શરૂ થયા બાદ ૫૫ દિવસ સુધી ચાલશે. આ મેળાની ૧૦મી માર્ચે પુર્ણાહુતિ થશે. મેળામાં નાગા સાધુ અને અન્ય લોકો પણ પહોંચનાર છે. ત્યારબાદ દરરોજ પવિત્ર સ્નાનો સિલસિલો ચાલશે. તેમના પાપ ધોઈ કાઢવા માટે લોકો પહોંચે છે તેવી પ્રાચીન માન્યતા છે. અલ્બાહાદ ખાતે લોકો પહોંચવા લાગી ગયા છે. અહીં મોટી સંખ્યામાં કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવી ચુકી છે. મહા કુંભના આયોજકો સમાજના જુદા જુદા વર્ગોના ૧૧૦ મિલિયન લોકોને આવકારવા માટે તૈયાર છે. દરરોજ ૨૦ લાખ લોકો પહોંચશે. કુંભ મેળાને ધ્યાનમાં લઈને પહેલાથી ૧૨૦૦૦ પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. આયોજકોએ ૩૫૦૦૦ ટોઈલેટ સ્થાપિત કરી છે. ૧૪ મેડિકલ સેન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે. ૨૨૦૦૦ સ્ટ્રીટ લાઈટો ગોઠવવામાં આવી છે. ૧૫૦ કિલોમીટરના કામચલાઉ રસ્તા ખાતે ખાસ વ્યવસ્થા ગોળવવામાં આવી છે. નવી સેવેજ સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. વ્યુહાત્મક સ્થળ પર સીસીટીવી કેમેરા પણ ગોઠવી દેવામાં આવ્યા છે. લોકોને લાવવા અને લઈ જવા માટે આશરે ૭૦૦૦ બસ અને ૭૫૦ ટ્રેનો રહેશે. સગા સંબંધીઓ માટે



અહીથી લોકો ભેંટ પણ લઈ જશે તેની પણ વ્યવસ્થા કરવામાં આવીછે. જુદા જુદા ઘાટ પર ખાસ વ્યવસ્થા લોકો માટે કરવામાં આવી ઠેય વર્ષ ૨૦૧૩ના કુંભ મેળામાં સૌથી મોટા સ્નાનના દિવસ તરીકે ૧૪મી જાન્યુઆરી, ૨૭મીજાન્યુઆરી, ૧૦મી ફેબ્રુઆરી, ૨૫મી ફેબ્રુઆરી, ૧૦મી માર્ચ રહેશે. બસંત પંચમીને સૌથી મોટા શુભ દિવસ તરીકે જોવામાં આવે છે. આ દિવસે ૨૦ મિલિયન લોકો પહોંચે તેવી વકી છે. મહાકુંભ મેળા દરમિયાન આ વખતે પ્રદુષણને રોકવા માટે કેટલાક પગલા લેવામાં આવ્યા છે જેના ભાગરૂપે પ્લાસ્ટિક બેગ અને સાબુના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓને ફુલોની માળા અને છડીઓ પાણીમાં ન ફેંકવા માટે પણ સૂચના આપવામાં આવી છે. કુંભ મેળાનું હિન્દુ પ્રાચિન માન્યતામાં ખાસ મહત્વ છે. જેમાં જણાવાયુ છે કે સમુદ્ર મંથન દરમિયાન અમૃતના કેટલાક ટીપા ફેલાઈ ગયા હતા. આ ટીપા ભારતમાં ચાર સ્થળો પર ફેલાયા હતા. રાક્ષસો અને ભગવાન વચ્ચે લડાઈ દરમિયાન આ અમૃતના ટીપા પડી ગયા હતા. એમ કહેવાય છે કે અલ્હાબાદ, નાસિક, ઉજ્જૈન, હરિદ્વારમાં ચાર સ્થળો પર આ ટીપા પડ્યા હતા.

### પવિત્ર સ્નાનના દિવસ

- ૧૪મી જાન્યુઆરી સૌથી મોટું પવિત્ર સ્નાન
- ૨૭મી જાન્યુઆરીએ બીજુ પવિત્ર સ્નાન
- ૧૦મી ફેબ્રુઆરીએ ત્રીજુ પવિત્ર સ્નાન
- ૨૫મી ફેબ્રુઆરીએ ચોથુ પવિત્ર સ્નાન
- ૧૦મી માર્ચે પાંચમું પવિત્ર સ્નાન
- ૧૫મી ફેબ્રુઆરીએ વધુ એક મોટુ સ્નાન (વસંતપંચમી)

## ભારત-બાંગ્લાદેશ ટૂંકમાં જ પ્રત્યાર્પણ સમજૂતી કરી શકે

નવી દિલ્હી, તા.૧૨

ભારત અને બાંગ્લાદેશ વિઝા પ્રક્રિયાને વધુ ઉદાર બનાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યા છે. વિઝાને ઉદાર બનાવવાના સંબંધમાં બંને દેશો ટૂંક સમયમાં જ સમજૂતી ઉપર હસ્તાક્ષર કરી શકે છે. ગૃહપ્રધાન સુશીલકુમાર સિંધે ઢાકાની ત્રણ દિવસની મુલાકાત લેનાર છે. જે દરમિયાન ગૃહપ્રધાન સ્તરની મંત્રણા બંને દેશો વચ્ચે યોજાશે. આ મંત્રણા દરમિયાન વિઝાને વધુ ઉદાર બનાવવા અંગે સમજૂતી ઉપર હસ્તાક્ષર કરાશે.

આ ઉપરાંત બંને દેશો વચ્ચે પ્રત્યાર્પણ સમજૂતી ઉપર હસ્તાક્ષર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ૨૮મી જાન્યુઆરીથી સુશીલ કુમારની યાત્રા શરૂ થઈ રહી છે. નવી વિઝા વ્યવસ્થાના કારણે બંને દેશો વચ્ચે સંબંધો વધુ સામાન્ય બની શકે છે. આનાથી પ્રવાસ સુવિધાઓ વધશે. એકબીજાના વેપારીઓ સરળતાથી અવરજવર કરી શકશે. બંને સુધારવામાં આવેલા પ્રયાસ કરાર મુસદા તૈયાર કરી દેવામાં આવ્યા છે. સુશીલકુમાર શિંદે અને તેમના બાંગ્લાદેશી સમકક્ષ આલમગીર વાતચીત કરનાર છે. બંને દેશો વચ્ચે પ્રત્યાર્પણ સમજૂતી પણ કરવામાં આવનાર છે. જો પ્રત્યાર્પણ સમજૂતી ઉપર હસ્તાક્ષર થશે તો કેટલાક ટોચના આતંકવાદીઓ અને કટ્ટરપંથીઓને ભારતમાં લાવવામાં મદદ મળશે. ઉલ્ફાના જનરલ સેક્રેટરી અનુપ ચેટિયાને પણ ભારત લાવી શકાશે. બાંગ્લાદેશમાં ઘણા કટ્ટરપંથીઓ હાલમાં છૂપાયેલા છે. આ ઉપરાંત ભારતીય જેલોમાં હવા ખાઈ રહેલા કુખ્યાત કેદીઓને પણ બાંગ્લાદેશ પરત ખેંચી શકશે. લાંબા સમયથી ભારતે અનુપ ચેટિયાના દેશ નિકાલ માટે રજૂઆત કરી છે. ઉલ્ફાનો આ આતંકવાદી ૧૯૯૭માં ધરપકડ કરવામાં આવ્યા બાદથી ઢાકાની જેલમાં છે. આતંકવાદીઓ અને ગુનેગારોની સરહદ પારથી એકબીજાની સોંપણી પણ સરળ બનશે. બંને દેશોમાં જેલમાં એકબીજાના ઘણા કુખ્યાત આતંકવાદીઓ હાલ હવા ખાઈ રહ્યા છે. સુશીલ કુમારની બાંગ્લાદેશ યાત્રાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. એકબાજુ સરહદ ઉપર તંગદીલી પ્રવર્તી રહી છે ત્યારે બાંગ્લાદેશ સાથેના સંબંધ મહત્વપૂર્ણ બની રહ્યા છે.

## શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજ માર્ગ ફરી બંધ કરવાની ફરજ

શ્રીનગર, તા.૧૨

કાશ્મીર ખીણમાં ફરી એકવાર નવેસરથી હિમવર્ષા થતા સત્તાવાળાઓને શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગને બંધ કરી દેવાની ફરજ પડી છે. શ્રીનગરમાં હળવી હિમવર્ષા થઈ હતી ત્યારબાદ ખીણના અન્ય વિસ્તારોમાં પણ હિમવર્ષા થઈ હતી. ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ હતી. દક્ષિણ કાશ્મીરમાં પીરપંજાલ પહાડી રેન્જમાં અતિભારે હિમવર્ષા થઈ છે. હવામાન ખાતાએ આગાહી કરતા જણાવ્યું છે કે પીરપંજાલ વિસ્તારમાં ભારે હિમવર્ષા થઈ છે. હવામાન ખાતેએ આગાહી કરતા જણાવ્યું છે કે પીરપંજાલ પહાડી રેન્જમાં હજુ પણ ભારે હિમવર્ષા થવાની શક્યતા છે. હિમવર્ષાના કારણે તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. કાશ્મીર ખીણમાં વરસાદ અને હિમવર્ષાના કારણે લોકો કાલિત ઠંડીનો અનુભવ ફરી એકવાર કરી રહ્યા છે. ઘણા વિસ્તારોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયુ છે. સત્તાવાળાઓએ શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. બનિહાલમાં હિમવર્ષાના કારણે સ્થિતિ વિકટ બની ગઈ છે. ચારેબાજુ ધુમ્મસની ચાદર પણ છવાઈ ગઈ છે. શ્રીનગરમાં રાત્રી તાપમાન ઘટીને ૦.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ છે. પહેલગામમાં લઘુતમ તાપમાન માઈનસ બે ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ છે જ્યારે ગુલમર્ગમાં માઈનસ પાંચ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. લેહમાં માઈનસ ૧૨.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે જ્યારે કારગીલમાં માઈનસ ૧૪.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. કાશ્મીરખીણમાં એકાએક હિમવર્ષાના કારણે જનજીવન ફરી એકવાર અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. ઉત્તરભારતમાં પણ કાતિલ ઠંડીનું મોજુ જોવા મળી રહ્યુ છે. પંજાબ, હરિયાણા,ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને દેશના અન્ય ભાગોમાં તીવ્ર ઠંડી જોવા મળી રહી છે.

## જમ્મુ કાશ્મીરમાં અનેક ત્રાસવાદી ઘૂસી ગયા હોવાના નવા અહેવાલ

નવી દિલ્હી, તા.૧૨

જમ્મુ કાશ્મીરમાં મોટી સંખ્યામાં આતંકવાદીઓ હાલમાં ઘૂસી ગયા હોવાના પણ બિનસત્તાવાર અહેવાલ મળ્યા છે. જો કે આને હજુ સુધી કોઈ સમર્થન મળ્યુ નથી. પાકિસ્તાનીસેના દ્વારા વારંવાર યુદ્ધવિરામનો ભંગ તાજેતરમાં જ કરવામા આવ્યો છે. નવા વર્ષમાં એટલે કે જાન્યુઆરીમાં જ પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો સાત વખત ભંગ કરવામાં આવ્યો છે. પાકિસ્તાન દ્વારા વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરીને આતંકવાદીઓને ઘૂસાડી દેવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. આ પ્રયાસોમાં પાકિસ્તાનને સફળતા પણ મળી છે. જમ્મુ કાશ્મીરમાં ફરી એકવાર રક્તપાતની શરૂઆત થાય તેવી હિલચાલ પણ હાથ ધરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં કેટલાક આતંકવાદીઓ ઘૂસી ગયા હોવાનો દાખલો પણ સપાટી પર આવ્યો છે. આના ભાગરૂપે જમ્મુ જિલ્લાના ઘરખાલ વિસ્તારમાં ભારત-પાક સરહદ ઉપર સુરક્ષાદળો દ્વારા એક પાકિસ્તાની ઘૂસણખોરની ધરપકડ કરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ સુરક્ષાદળોએ ચોક્કસ બાતમીના આધારે એક પાકિસ્તાની ઘૂસણખોર અને આતંકવાદીની ધરપકડ કરી છે. શુક્રવારે રાત્રે જમ્મુ જિલ્લાના અખનુર પટ્ટામાં રણજીત વેટ નજીક એક ઘૂસણખોરની શંકાસ્પદ હિલચાલ નીહાળી હતી ત્યારબાદ આજે તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ ઘૂસણખોરની હજુ પુછપરછ ચાલી રહી છે. પાકિસ્તાની આતંકવાદીઓ જમ્મુ કાશ્મીરમાં ફરી એકવાર હિંસા ફેલાવવા અનેક વખત ચેતવણી આપી ચુક્યા છે. લશ્કરે તોયબાના લીડર અને દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં વર્ષ ૨૦૦૮માં કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલામાં માસ્ટરમાઈન્ડ રહી ચુકેલા હફિઝ સઈદે હાલમાં જ જમ્મુ કાશ્મીરમાં વધુ રક્તપાતની ચેતવણી આપી હતી.

## ઝારખંડમાં સરકાર રચવા જેએમએમના પ્રયાસો શરૂ

રાંચી, તા.૧૨

ઝારખંડ મુક્તિ મોરચાએ રાજ્યમાં વૈકલ્પિક સરકારની રચના કરવા માટે આજે વધુ સમયની માંગ કરી હતી. જેએમએમના વડા શિબુ સોરેન, તેમના પુત્ર હેમંત સોરેન અને અન્ય નેતાઓ આજે સવારે ૧૧.૩૦ વાગ્યે રાજ્યપાલ સઈદ અહેમદને મળ્યા હતા અને વૈકલ્પિક સરકારની રચના કરવા માટે વધારે સમયની માંગ કરી હતી. પત્રકારો સાથે વાતચીત કરતા હેમંત સોરેને કહ્યુ હતુ કે રાજ્યમાં સરકારની રચના કરવા માટે વધુ સમયની માંગ અમારા દ્વારા કરવામાં આવી છે. હેમંત સોરેન શુક્રવારે મોડી રાત્રે પરત ફર્યા હતા. તેઓએ દિલ્હીમાં કોંગ્રેસના નેતાઓ સાથે વાતચીત કરી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે કોંગ્રેસ વૈકલ્પિક સરકારની રચના કરવા માટે નિર્ણય લેશે. આઠમી જાન્યુઆરીના દિવસે ઝારખંડ મુક્તિ મોરચાએ ટેકો પાછો ખેંચી લીધા બાદ ૨૮ મહિના જૂની અર્જુન મુંડા સરાકરનું પતન થયુ હતુ.

## ગેસ કિંમતોમાં વધારા અંગે ચૂંટણીપંચની મંજૂરી જરૂરી

**રાષ્ટ્રીય મહત્વનો કોઈપણ નિર્ણય લેતા પૂર્વે કેન્દ્ર સરકારને પંચની પરવાનગી લેવી પડશે: આચાર સંહિતા અમલમાં**

નવી દિલ્હી, તા.૧૨

ચૂંટણીપંચે કહ્યું છે કે પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં કોઈપણ ફેરફાર કરતા પહેલા અથવા તો અન્ય કોઈપણ નિર્ણય લેતા પહેલા હવે કેન્દ્ર સરકારને તેની પરવાનગી લેવી પડશે. કારણ કે ત્રણ રાજ્યોમાં ચૂંટણીની જાહેરાત કરી દેવામાં આવી છે. સબસીડીવાળા સિલિન્ડરની સંખ્યા છથી વધારીને નવ કરવા અંગે નિર્ણય લેતા પહેલા પણ સરકારને ચૂંટણી પંચનું ધ્યાન દોરવું પડશે અને પરવાનગી લેવી પડશે. મુખ્ય ચૂંટણી કમીશનર વી એસ સંપત દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. તેમને કહ્યું છે કે ત્રણ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે અને આ ઉત્તર પૂર્વીય રાજ્યોમાં આચાર સહિતા અમલી બની ગઈ છે જેથી કોઈપણ રાષ્ટ્રીય મહત્વનો નિર્ણય લેતા પહેલા ચૂંટણી પંચની મંજૂરી લેવી પડશે. ચૂંટણી પંચે ગુજરાત અને હિમાચલમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન પણ વારંવાર કેટલાક સંકેત આપવા બદલ પેટ્રોલીયમ પ્રધાન વિરપ્પા મોઈલીની ઝાટકણી કાઢી હતી.

મોઈલીએ કહ્યું હતું કે સરકાર સબસીડીવાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા છથી વધારીને નવ કરવા વિચારી રહી છે. ચૂંટણી પંચે મોઈલીની આ જાહેરાતની ગુજરાતમાં ચૂંટણી દરમિયાન નોંધ લીધી હતી. ચૂંટણીની જાહેરાત એવા સમયમાં કરવામાં આવી છે જ્યારે સરકાર એલપીજી ગેસની કિંમતમાં વધારો કરવા તથા સાથે સાથે મર્યાદાને વધારવા માટે આગળ વધી રહી છે.

ચૂંટણીની જાહેરાતનો મતલબ એ થશે કે સરકાર હવે બજેટ સેશન દરમિયાન જ ફ્યુઅલની કિંમતમાં કોઈ ફેરફાર કરશે જેથી હાલમાં ચાલી રહેલી તમામ ગણતરી ખોટી સાબિત થશે. હાલમાં કોઈપણ ભાવ વધારો અથવા તો ફ્યુઅલમાં ફેરફાર સરકાર કરી શકશે નહીં. જરૂરની સ્થિતિમાં ચૂંટણી પંચની પરવાનગી પણ પહેલા લેવી પડશે. ગેસ કિંમતોમાં વધારો કરતા પહેલાં સરકારને મંજૂરી લેવાની સૂચના આપવામાં આવ્યા બાદ સરકારની મુશ્કેલી પણ વધી છે. કારણ કે પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા હાલ સરકાર ઉપર તીવ્ર દબાણ લાવવામાં આવી રહ્યું છે.

## સમાચાર ઝલક

- રાંધણગેસની એજન્સી હવેથી ગ્રાહક બદલી શકશે.
- ફિલ્મ અભિનેત્રી પૂજા ભટ્ટને અશ્લીલ ધમકી આપનારની પૂનામાંથી ધરપકડ.
- તલાલામાં શેરડી ભરેલું ટ્રેક્ટર પલટી ખાતાં ૬નાં મોત.
- ઓસ્ટ્રેલિયામાં વિમાનમાં અજગર દેખાતાં મુસાફરોના શ્વાસ અધ્ધર થયા.
- ગોકુલ આઇસ્ક્રીમના માલિકે ખોટા ચેક રજૂ કરી સોનું ખરીદી કરીને છેતરપીંડી કરી.
- અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં ડુપ્લીકેટ દૂધ બનાવતી ડેરી ઝડપાઇ.
- પાકિસ્તાન વારંવાર સીમા સરહદે ઉલ્લંઘન કરશે તો તેનો વિકલ્પ વિચારાશે, વાયુસેનાના વડા બ્રાઉનની ચેતવણી.
- તાપી જિલ્લાના વાલોડા તાલુકાના હથુડા ગામે ૪ મકાનો ભીષણ આગમાં નાશ પામ્યા.
- ૧૫ થી ૨૦ આતંકવાદીઓ સરહદેથી ઘૂસણખોરી કરેલ છે : ગુપ્તચર તંત્રનો દાવો.
- શહીદ હેમરાજના કુટુંબીજનો-પત્ની અને ગ્રામજનો ભૂખ હડતાળ પર.
- ઝારખંડમાં સરકાર બનાવવા કોંગ્રેસ અને રાજકીય પક્ષોની ગતિવિધિઓ તેજ બની.
- પટના હોસ્પિટલમાં સારવારમાં નિષ્કાળજી રખાતી હોવાથી હોસ્પિટલમાં તોડફોડ કરી.
- ગુડગાંવમાં મહિલાઓની સલામતી માટે અલાયદી રીક્ષા શરૂ કરાઇ.
- અમેરિકામાં સ્કૂલમાં થયેલ ગોળીબાર માટે વીડિયો ગેમ જવાબદાર હોવાની માન્યતા.
- અંબાજીમાં શિખર ઉપર સોનાના વરખ લગાવનાર કારીગર સોનાની ચોરી કરતાં સલામતી રક્ષકે પકડ્યો.
- ચીનમાં ભૂસ્ખલન થવાથી ૪૨ લોકોનાં મોત.
- આરોગ્યમંત્રી પરબતભાઇ પટેલ લપસતાં ફ્રેંકચર થયું, સિવિલમાં દાખલ કરાયા.

## સ્ટાર લિએન્ડર પેસ બીજા દરજ્જાની ટીમનો સુકાની

મુંબઈ. તા.૧૨

ટેનિસ ખેલાડીઓએ બળવો કર્યો હોવાનાં કારણે લિએન્ડર પેસ આવતા મહિને શરૂ થનારી સાઉથ કોરિયા સામેની ડેવિસ કપ મેચમાં બીજા દરજ્જાની ભારતીય ટીમની આગેવાની લેશે. ૧૩ વખત ગ્રાન્ડસ્લેમમાં ડબલ્સ ટાઈટલ જીતનારા લિએન્ડર પેસ સિવાયના ૮ મોખરાનાં ખેલાડીઓએ ઓલ ઈન્ડિયા ટેનિસ એસો. સમક્ષ કેટલીક માંગણીઓ રજુ કરીને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો અને ડેવિસ કપમાં રમવાનો ઈન્કાર કરી દીધો હતો. આ ખેલાડીઓમાં એક સમયનાં પેસનાં સફળ જોડીદાર પરંતુ હાલમાં વિખૂટા પડી ગયેલા ભૂપતિ, બોપન્ના અને સોમદેવ દેવબર્મનનો સમાવેશ થાય છે. ભારત અને સાઉથ કોરિયા વચ્ચે પહેલી ફેબ્રુઆરીથી નવીદિલ્હીમાં ડેવિસ કપ ટેનિસનો મુકાબલો થવાનો છે. એસો.ને ખેલાડીઓની મોટાભાગની માંગણીઓ સ્વીકારી લીધી હોવા છતાં ખેલાડીઓને સંતોષ થયો નહતો અને તેમણે ડેવિસ કપનો બહિષ્કાર કર્યો હતો. એસોસિએશનનાં વડા હિરણમય ચેટરજીએ જણાવ્યું હતું કે, ખેલાડીઓ ભાગ લઈ શકે તે માટે અમે મુદત લંબાવીને ગુરૂવારના બદલે શુક્રવાર સાંજ સુધીની કરી હતી પરંતુ દેશ માટેની આ ટીમ ઈવેન્ટમાં રમવા માટે ખેલાડીઓ તૈયાર થયા નહતાં.

## ધૂપસળી ધૂણાવે આકાશ (પાના નં. ૪ નું ચાલુ)

શું?

તમને ગમે એવું.

પરંતુ એ કેમનું જાણ્યું કે તમે બોલશો એ મને ગમશે જ.

આ બોલવું, ન બોલવું, ગમવું - ન ગમવું, નગુણો કે નગુણીનાં બોર કાચાં છે કે પાકાં? ખાટાં છે કે મીઠાં? અલ્યા કોઈ તો કહો કે...' સાચો જવાબ શું? મારી પાસે તો બોલ પણ નથી, બોર પણ નથી, નસીબ મારાં, બીજું તો શું?

''અંધે ના અંધે એમ દુર્યોધન કે' છે,<br>
ભરી સભામાં ચીર હરી લે છે,<br>
દુષ્ટ દુર્યોધન...''

લ્યો! રચાઈ ગયું મહાભારત. ખુશ ને?

સાવ નાની-નાની વસ્તુઓ ભંગારમાં જાય છે... સાંભળ્યું છે કોઈ દિ' કે જીભ ભંગારમાં ગઈ. આ પસ્તીવાળાઓ રદ્દી પસ્તીને ઘણી બધી વસ્તુઓ જોખે છે, આ તોલ... મોલ કે બોલ...' આ જીભને બ્રેક હોત તો?... અરે! ત્રાંજવા પણ હોત તો?

મુરખના સરદાર! ભાષણોનું ભૈડકું કર્યું તોય સાવ બુધ્ધિનો બળદ. અક્કલનો ઓથમીર. યુગોથી હરખથી કહેવાતી સંભળાતી આ મહાભારતની વાતો કયાંથી સાંભળવા મળત? બ્રેક વાળા... ના જોયા હોય તો! જા... તારી સાયકલની બ્રેક સરખી કરાવી દે. ને ટાઈમ બચે તો બાબલાના સાયકલની ય બ્રેક સરખી કરાવી લે જે...

તા.ક. નારદજી કહેતા ગયા કે જીભની બ્રેક ન શોધો... કરો તમતમારે વાતનાં વડાં, આ ચીનની દિવાલને નાની કરવા સારૂં (વાતોનાં) વડાંને બ્રેક વાગી ગઈ છે, કરો મેથીના ગરમા-ગરમ ગોટા.